# મહે.સુરતના ૧૨માં એડિ.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, સુરત

ક્રિમીનલ કેસ નંબરઃ– ____________ /૨૦૨૪

આંકઃ–૦૫

ફરીયાદીઃ– સરકારશ્રી

વિરૂદ્ધ

આરોપી–

બાબતઃ પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૮૫ મુજબ

ચુકાદો

(૧) ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) તથા એમ.વી.એક્ટની કલમ–૧૮૫ મુજબ નું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આજ રોજ આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી ગુના કબુલાત પુરશીસ રજુ કરતાં અને પ્લી કરતાં, આરોપીએ સ્વેચ્છાપૂર્વક ગુનાની કબુલાત કરેલી છે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુના કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઇ તે નોંધી પરંતુ, આરોપીની સદરહું કબુલાત તેમના વિરૂધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામાં આવેલ છે. તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરેલ છે તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા ઇસમ છે અને તેઓ કુટુંબના કમાનાર ઇસમ છે તથા તેઓનો પ્રથમ ગુનો છે. આરોપીની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લેતાં આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઇ, આરોપીની આ કબુલાત હું સ્વીકારૂં છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાન ઠરાવું છું. પરંતુ, આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતાં તેમજ નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ નટવરચંદ્ર ઠાકોરના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લેતા ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

– આરોપીને ભારતીય નાગિરક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી પ્રોહી.એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનામાં આરોપીને રૂ.૧૦૦/– ( અંકે રૂપીયા એક સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આરોપીને ભારતીય નાગિરક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી એમ.વી.એક્ટની કલમ–૧૮૫ મુજબ ના ગુનામાં આરોપીને રૂ.૧૦૦૦ /–(અંકે રૂા. એક હજાર પુરા)નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ના ભરે તો આરોપીએ દિન–૦૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

– આમ, આરોપીએ કુલ રૂા. ૧૧૦૦ /– ( અંકે રૂા. અગિયારસો પુરા )નો દંડ ભરવો.

– કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તેને આથી કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો કોઈ હુકમ કરવામાં ન આવેલ હોય તો યોગ્ય ખરાઈ કરી મુદ્દામાલ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

– જામીન ખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખઃ–૧૪/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૪/૧૨/૨૦૨૪
મુ. સુરત

(કમલેશ કુમાર આર.ગાગનાણી)
૧૨માં જ્યુડી. મેજી. ફ.ક.,સુરત.
કોડ નં. જી. જે. ૦૧૬૮૭